પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૭૦ | ૨૧ મે, ૨૦૧૭, રવિવાર ; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦






# ઈવીએમ હેક કરવા રાજકીય પક્ષોને ચૂંટણી પંચનો પડકાર

**ત્રીજી જૂનથી હેક કરવા પડકાર : દરેક રાજકીય પાર્ટીને હેકીંગ અને ઈવીએમ ચેડા સાબિત કરવા માટે કુલ ચાર કલાકનો સમય આપવામાં આવશે**



નવી દિલ્હી, તા.૨૦

ઈલેકટ્રોનિક વોટીંગ મશીનમાં ચેડા થઈ શકે છે તેવા વિરોધ પક્ષોના આક્ષેપ વચ્ચે ચર્ચા છેડાયેલી છે ત્યારે હવે ચૂંટણી પંચે રાજકીય પક્ષોને ખુલ્લો પડકાર ફેંક્યો છે. ઈવીએમને હેક કરવા માટે ત્રીજી જૂનથી મેદાનમાં આવવા ચૂંટણી પંચે રાજકીય પક્ષોને પડકાર ફેંક્યો છે. ચૂંટણીમાં ઈલેકટ્રોનિક વોટીંગ મશીનના ઉપયોગ પર રાજકીય પક્ષો તરફથી સતત પ્રશ્નો ઉઠી રહ્યા છે ત્યારે ચૂંટણી પંચે આજે ઈવીએમ

● અનુસંધાન પાન-૭ પર






## IPLની મુંબઈ-પુણે વચ્ચે આજે ફાઈનલ મેચ રમાશે

**બંને ટીમોના સ્ટાર ખેલાડીઓ પર જોરદાર દેખાવ માટે દબાણ : આજે રાત્રે આઠ વાગ્યાથી જીવંત પ્રસારણ**

હૈદરાબાદ,તા. ૨૦

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૦માં આવતીકાલે રવિવારના દિવસે હાઈ પ્રોફાઈલ ફાઈનલ મેચ રમાનાર છે. કરોડો ચાહકોની નજર તેના પર કેન્દ્રિત થઈ ગઈ છે. મુંબઈ ઈન્ડિયન્સ અને પુણે સુપર વચ્ચે આ જંગ ખેલાનાર છે. બન્ને વચ્ચે ખેલાનાર ફાઈટ ટુ ફિનિશ જંગનો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. હૈદરાબાદ ખાતે આ મેચ રમાનાર છે. રાત્રે આઠ વાગ્યાથી આ મેચનુ જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. પ્રથમ ક્વાલિફાયર મેચમાં રાઈઝિંગ પુણેએ મુંબઈ પર ૨૦ રને જીત મેળવી હતી. જેથી આવતીકાલે ખેલાનાર ફાઈનલ મેચમાં બદલો લેવા માટે મુંબઈની ટીમ સંપૂર્ણપણે સજ્જ છે. પ્રથમ ક્વાલિફાયરમાં હારી

● અનુસંધાન પાન-૭ પર











## હવાઈ દળના વડાની અધિકારીઓને શોર્ટ ટર્મ ઓપરેશન માટે તૈયાર રહેવા સૂચના

**તમામ ૧૨ હજાર અધિકારીઓને પ્રથમવાર પત્ર લખાયો**

નવી દિલ્હી, તા.૨૦

રાજદ્વારી અને હથિયારોના મોરચા પર પાકિસ્તાન સાથે જારી તંગદિલી વચ્ચે ભારતીય હવાઈદળના પ્રમુખ બીએસ ધનવાએ તમામ ૧૨૦૦૦ અધિકારીઓને પત્ર લખ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને તેઓ શોર્ટ નોટિસ પર કોઈપણ ઓપરેશન માટે તૈયાર રહે તે જરૂરી છે. આ પત્ર ૩૦મી માર્ચના દિવસે લખાયો હતો. પત્રમાં હવાઈ દળના વડા ધનવાના હસ્તાક્ષર પણ છે. પત્રમાં ભાઈ-ભત્રીજાવાદથી લઈને તમામ

● અનુસંધાન પાન-૭ પર

## સાબરમતી બ્લાસ્ટ કેસમાં અંતે હિઝબુલ શકમંદ નિર્દોષ જાહેર

બારાબંકી,તા. ૨૦

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પૂર્વ સ્કોલર અને હિઝબુલ મુજાહિદ્દીનના શંકાસ્પદ સભ્ય ગુલઝાર અહેમદ વાનીને બારાબંકીની કોર્ટે વર્ષ ૨૦૦૦માં સાબરમતી એક્સપ્રેસમાં થયેલા બ્લાસ્ટના કાવતરા રચવાના મામલામાં આજે નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. આરોપીના વકીલના કહેવા મુજબ કોર્ટે પુરાવાના આધારના કારણે વાની અને તેના સહઆરોપી મોબીનને મુક્ત કરવાનો આદેશ કર્યો છે. વકીલ એમએસ ખાને માહિતી આપતા કહ્યું હતું કે વધારાના સત્ર ન્યાયાધિશે બંને આરોપીઓને તમામ આરોપોમાંથી મુક્ત કરી દીધા છે કારણ કે તેમની સામે મુકવામાં આવેલા આરોપોને પુરવાર કરવામાં સફળતા હાથ લાગી નથી.


